# બનાસકાંઠાના ૧૧ તાલુકામાં કોરોનાનો પગ પેસારો : વધુ બે કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ ઝડપભેર પ્રસરી રહ્યો છે. અત્યાર સુધીમાં જિલ્લાના ૧૧ તાલુકા ફરતે ભરડો લીધો છે. જ્યારે ત્રણ તાલુકા હજુ કોરોનાથી સુરક્ષિત રહ્યા છે. આવી સ્થિત વચ્ચે શનિવારે જિલ્લામાં અમીરગઢ અને પાલનપુરના વાસણી ગામે વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લાનો કુલ આંક ૮૧ થવા પામ્યો છે. જ્યારે ડીસા કોવિડ હોસ્પિટલમાં મોતને ભેટેલા વૃદ્ધનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં જિલ્લામાં મૂર્તયુઆંક ૩ થયો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. અત્યાર સુધીમાં પાલનપુર, વડગામ, દાંતા, ડીસા, દાંતીવાડા, અમીરગઢ, ધાનેરા, દિયોદર, કાંકરેજ, થરાદ, વાવ તાલુકા ફરતે કોરોનાએ ભરડો લીધો છે. જ્યારે સુઈગામ, લાખણી અને ભાભર તાલુકો સુરક્ષિત રહ્યો છે. આવી સ્થિતિમાં શનિવારે પાલનપુર તાલુકાના વાસણી અને અમીરગઢ ખાતે બે વ્યક્તિઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. કોરોના મુક્ત અમીરગઢ તાલુકામાં પ્રથમ કોરોના પોઝિટિવ કેશ આરોગ્ય કર્મચારીની સાથે આવતા બજારોમાં સન્નાટો છવાઈ ગયો હતો. તાલુકાના ધનપુરા (ઢો) ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એમ.પી.એચ.ડબલ્યુ તરીકે ફરજ બજાવતા કર્મચારી છેલ્લા કેટલાક સમય થી અમીરગઢ પોલીસ ચોકી પર સુપરવિઝન તરીકે ફરજ પર હતા. જોકે તેઓની તબિયત બગડતા ગતરોજ સેમ્પલ લેવાયું હતું. જેમાં શનિવારે કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા કોરોના મુક્ત તાલુકો પણ કોરોનામાં સપડાઈ ગયો હતો. આ અંગે અમીરગઢ તાલુકા હેલ્થ ઓફિસર ડા.ડી.બી.મહેતા એ જણાવ્યું હતુંકે, આરોગ્ય કર્મચારી ક્યાં ક્યાં કોના કોના સંપર્ક માં આવ્યા હતા તે અંગે ની તપાસ સાથે આરોગ્ય લક્ષી કાર્યવાહી ચાલી રહી છે.વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લાનો કુલ આંક ૮૧ થવા પામ્યો છે. જ્યારે ડીસા કોવિડ હોસ્પિટલમાં મોતને ભેટેલા વૃદ્ધનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં જિલ્લામાં મૂર્તયુઆંક ૩ થયો છે.

# સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ ત્રણ કેસ પોઝિટીવ

## અમદાવાદના બુટલેગરનું હિંમતનગર સિવીલ હોસ્પિટલમાં કોરોના સંક્રમણમાં મોત નિપજયુ

સાબરકાંઠા જિલ્લામાં શુક્રવારે મોડી રાત્રે કોરોનાના વધુ ત્રણ પોઝેટીવ કેસ નોંધાયા છે. જયારે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલ કોરોના પોઝેટીવ અમદાવાદના બુટલેગરનું મોત નિપજયુ હોવાનુ આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યુ છે. પ્રાંતિજ તાલુકાના સાંપડ ગામના ત્રણ દર્દીઓનો રીપોર્ટ પોઝેટીવ આવતા આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયુ છે.

આ અંગે આરોગ્ય વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના સાંપડ ગામના લાલભાઈ માધાભાઈ રાવળનો રીપોર્ટ પોઝેટીવ આવતા આરોગ્ય તંત્ર દ્વારા લોકલ ટ્રાન્સમીશનથી દર્દીના સંપર્કમાં આવેલા લોકોના કોરોના સેમ્પલ લેબ પરીક્ષણ કરીને આવા લોકોને કોરોન્ટાઈન કરવામાં આવ્યા હતા. જે દરમિયાન શુક્રવારે રાત્રે સાંપડ ગામના ગાજીબેન કરસનભાઈ રાવળ, ચંદુભાઈ લાલાભાઈ રાવળ, લક્ષ્મીબેન માધાભાઈ રાવળનો રીપોર્ટ પોઝેટીવ આવતા આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયુ છે. તો બીજી તરફ કોરોના પોઝેટીવ અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં દારૂના ગુનામાં સંડોવાયેલ પવન ઉમેશ કુમાર શુકલા ઉંમર ૨૮ નામના આરોપીનુ હિંમતનગર સિવિલમાં સારવાર દરમિયાન શનિવારે મોત નિપજયુ હોવાનુ આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યુ છે.

બુટલેગર અને કોરોના પોઝેટીવ દર્દીનુ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં મોત નિપજયુ હોવાના સમાચાર ફેલાતા પોલીસ તંત્રમાં પણ ચર્ચાનો વિષય બન્યો હતો. પ્રાંતિજ પોલીસ પંથકમાં ફરજ બજાવતા અને કોરોના પોઝેટીવ દર્દીના સંપર્કમાં આવતા મોટા ભાગના કર્મચારીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનુ સુત્રોએ જણાવ્યુ છે.




## છાપી વિસ્તારમાં વસતા ૭૦ પરપ્રાંતિયો વતન જવા રવાના

વલ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝર દ્વારા કોરોના મહામારીને વૈશ્વિક મહામારી જાહેર કર્યો બાદ કેન્દ્ર સરકારે ત્રણ તબક્કામાં દેશમાં લોકડાઉન જાહેર કરાતાં ઠેર ઠેર પરપ્રાંતિઓ વતન પરત ફરવા આતુર હતા. દરમિયાન વડગામ તાલુકામાં વસતા ૭૦ જેટલા પરપ્રાંતિયો શનિવારે વતન જવા રવાના થયા હતા. વડગામ તાલુકાના છાપી, રજોસણા, પીરોજપુરા સહિતના ગામોમાં મોટી સંખ્યામાં પરપ્રાંતિય શ્રમિકો વસવાટ કરી રહ્યા છે ત્યારે લોકડાઉનના કારણે દોઢ માસથી ફસાસેલા શ્રમિકો વતન પરત ફરવા આતુર હતા. જોકે વહીવટીય મજૂરી મળતા શનિવારે તમામની મેડિકલ ચેકઅપ કરાવી બસ દ્વારા પાલનપુર અને પાલનપુરથી ટ્રેન દ્વારા ઉત્તરપ્રદેશના વિવિધ શહેરોમાં જવા રવાના કરાયા હતા.

# મોડાસામાં કોવીડ હોસ્પિટલના દર્દીઓનું દર્દ : કોરોનાના કોઈ લક્ષણ નથી તો કોરોના કઈ રીતે પોઝિટીવ

## સ્વચ્છતા, પાણી અને યોગ્ય સારવાર ન મળતી હોવાનો આક્ષેપ

ગુજરાતમાં કોરોના બેકાબુ થઈ રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા કોરોના વાયરસથી સંક્રમિત અને શંકાસ્પદ દર્દીઓ માટે કરોડો રૂપિયાના ખર્ચે કોવીડ હોસ્પિટલ અને આઈસોલેશન વોર્ડ અને કોરન્ટાઈન વોર્ડ ઉચ્ચ કક્ષાની સુવિધા ઉપલબ્દ્ધ કર્યાના દાવાઓ વચ્ચે કોવીડ હોસ્પિટલ અને કોરન્ટાઈન વોર્ડમાં ચાલતી બેદરકારીના અનેક દર્દીઓ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરી સરકારની અને આરોગ્યતંત્રની પોલ ખુલ્લી પાડી રહ્યા છે.



મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ઉભી કરવામાં આવેલી કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓમાંથી કેટલાક દર્દીઓએ કોરોનાના કોઈ લક્ષણ ન હોવા છતાં કોરોના પોઝેટીવ કેવી રીતે આવ્યો ..? અને દર્દીઓએ કોવિડ હોસ્પિટલમાં સ્વછતાનો અભાવ, પીવાનુ પાણી પણ મળતું ન હોવાનું જણાવી હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાડી અંગેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ કરતા આરોગ્યતંત્રએ કોરોનામાં થઈ રહેલી કામગીરી અને દર્દીઓન આપવામાં આવતી ઉચ્ચકક્ષાની સગવડ અને સારવારનો ફૂલવેલા ફુગ્ગાની હવા નીકળી ગઈ હતી. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ લક્ષ્મીબેન વણકર નામના કોરોનગ્રસ્ત દર્દીએ તેમને સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરી કોરોના ટેસ્ટ સામે પ્રશ્નાર્થ કરી જણાવ્યું હતું કે મને કોઈ પણ જાતની તકલીફ નથી પથરીની બીમારી સિવાય મને કોઈ રિપોર્ટ પણ બતાવાવમાં આવતો નથી તેમજ હું કડીથી ટીંટોઈ આવી છું ત્યાં પણ કોરોના નથી મને ખોટી રીતે હોસ્પિટલમાં રાખવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો. કોરોનાગ્રસ્ત દર્દી ગણપતભાઈ સવજીભાઈ વણજારાના દર્દીએ પણ તેને કોઈ પણ પ્રકારની તકલીફ ન હોવા છતા કોરોના પોઝેટીવ આવ્યો હોવાનો અને કોવીડ હોસ્પિટલમાં સ્વચ્છતાના અભાવ અને પાણી જમવાનું પણ સમયસર મળતું ન હોવાનું અને કોઈ પણ પ્રકારની સારવાર આપવામાં ન આવતી હોવાના આક્ષેપ સાથે અન્ય દર્દીઓ સાથે મળી વીડિયો બનાવી સોશ્યલ મીડિયામાં વાયરલ કરતા દોડધામ મચી હતી.



અરવલ્લી જિલ્લા કલેક્ટરે મોડાસા ખાતે નોંધાયેલ કોરોના કેસને પગલે સાવચેતીના ભાગરૂપે બંધનું ચૂસ્ત પણે પાલન થાય છે તેનું નિરીક્ષણ કરી આસપાસ તમામ સોસાયટી વિસ્તારની મુલાકાત લીધી બંધનું ચૂસ્ત પાલન કરવા સહયોગ આપવા પોલીસ દ્વારા બંધનું પાલન કરવા આવશ્યક ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવા જણાવ્યું હતું.

# સિસરાણામા મનરેગાના કામ કરતા મજૂરો માટે સુવિધાનો અભાવ

વડગામ, તા. ૯

વડગામ તાલુકાના સિસરાણા ગામમાં ચાલતા મનરેગાના કામ કરતા મજૂરો માટે સ્થળ ઉપર વ્યવસ્થાનો અભાવ જોવા મળી રહ્યો છે.

સરકાર દ્વારા કોરોનાના સંકટ સમયે લોકડાઉનના સમયે ગરીબ લોકોને ઘર આંગણે રોજગારી મળી રહે તેવા આશયથી જળ સિંચાઈ હેઠળ તળાવો અને ખેતતલાવડીની કામગીરી હાથ ધરાઈ છે.

જેમ બનાસકાંઠામાં જિલ્લા ગ્રામવિકાસ એજન્સી દ્વારા વડગામ તાલુકા પંચાયતના મનરેગા શાખા હેઠળ સિસરાણા ગૃપ ગ્રામપંચાયતમા 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર (મનરેગા) હેઠળ' ખેતતલાવડીનું કામ કરવામા આવી રહ્યું છે. જેમાં તા ૮ મે ના રોજ ૧૯ મજૂરો તેમજ મેટ મળીને કુલ ૨૦ મજુરો દ્વારા કામ કરવામા આવી રહ્યું છે. પરંતુ આ મનરેગા હેઠળ રોજગારી મેળવતા મજુરો માટે કામની જગ્યાએ સુવિધાઓનો અભાવ જોવા મળતો હતો. મનરેગાનું કામ કરતા મજૂરો માટે છાયડાની કોઈજ વ્યવસ્થા કરાઈ નથી. કામ કરતા લોકોને ના છુટકે અત્યારે કોરોનાના સંકટ સમયે ક્યાંક ઝાડનો આશરો લઈને સોશ્યલ ડીસ્ટેન્સીગના અભાવ વચ્ચે ભેગા બેસવાની ફરજ પડી રહી છે. તો પીવાના પાણી માટેની વ્યવસ્થામાં પણ દૂરથી બરણીમાં પાણી લાવીને અત્યારના કાળઝાર ગરમીમાં મજુરી કામ કરતા લોકોને પાણી પીવા મજબૂર બનવુ પડે છે. સરકારની મનરેગા હેઠળ રોજગારી મેળવતા લોકોને કોરોનાની માહાહારીના સમયે માસ્ક જેવી સવલતો અપાઈ નથી. એટલુ નહીં પણ સેનીટાઈઝની કોઈજ વ્યવસ્થા જોવા મળી ન હતી. આ અંગે વડગામ તાલુકા પંચાયતના મનરેગા શાખામાં સિસરાણા સેજામા આવતા જી.આર.એસ. મેહુલ પંડ્યાને પુછતા તેઓએ જણાવ્યું હતુ કે બે સાબુ આપવામાં આવ્યા છે. અને બાકીની વ્યવસ્થા સ્થાનિક પંચાયતને કરવાની હોવાનુ રટણ રટ્યુ હતું.



# અરવલ્લીના ૨૧ કન્ટેન્ટમેન્ટ વિસ્તારોમાં સતત થઈ રહી છે ઉકાળા વિતરણની કામગીરી

સમગ્ર દેશમાં કોરોનાનો વ્યાપ વધતો જઈ રહ્યો છે કેન્દ્રના આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદિક ઔષધીય ઈલાજ પર વધુ ભાર આપી રહ્યા છે. જેને લઈ અરવલ્લી જિલ્લામાં પણ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કામગીરી હાથ ધરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાથી સૌથી વધુ ગ્રામિણ વિસ્તારમાં વ્યાપ જોવા મળ્યો છે જેને લઈ જિલ્લામાં ૭૪ કોરોના પોઝિટીવ કેસ નોંધાયા છે. જેથી આ વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. જિલ્લા વહિવટીતંત્ર દ્વારા નિયત કરાયેલા ૨૧ નિયત્રિંત વિસ્તારમાં અત્યાર સુધી ૫૦,૪૧૪ લોકોન આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. જયારે ૫૩૫૨ લોકોન હોમીયો મેડિસીનનો લાભ આપવામાં આવ્યો છે.

# માસુમ પશુ પંખીઓની વ્હારે આવ્યા કિશોરભાઈ રાવ

ધાનેરા નું મધુસુદન માર્કેટ.લોકડાઉન પહેલાં અહીં દરરોજ વેપારીઓ ૭૦૦થી ૧૦૦૦ જેટલા કબૂતરોને ચણ નાખતા હતા,પરંતુ લોકડાઉનમાં દુકાનો બન્ધ હોવાથી આ પક્ષીઓનું જીવન વધુ મુશ્કેલ બન્યું છે.ત્યારે આવા અબોલ પક્ષીઓના અસ્તિત્વ સામે જ સવાલ ઉભો થતાં ધાનેરા ના એક કર્મઠ સેવક આ પક્ષીઓની વ્હારે આવ્યા છે.કિશોરભાઈ રાવ નામના આ સેવાભાવી એ આ તમામ ૧૦૦૦ કબુતરોને ૫૦ કિલો જેટલું ચણ પહોંચાડી ઉમદા સેવા પૂરી પાડી છે.એટલુંજ નહિ જ્યાં સુધી લોકડાઉન ચાલુ રહેશે ત્યાં સુધી દરરોજ આ કબૂતરોને ચણ પહોંચાડવાની તેઓએ ખાત્રી આપી છે.

# બનાસ ડેરીએ પશુપાલકોનું દૂધ લેવાનું બંધ કરવાનો કોઈ નિર્ણય કર્યો નથી

પાલનપુર, તા. ૯

કોરોના વાયરસથી સંક્રમિત ગામોમાં આવેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં બનાસ ડેરીના સંચાલક મંડળે નિર્ણય લઈ દૂધ સ્વીકારવાનું બંધ કર્યાનું કેટલાક સમાચાર માધ્યમોમાં પ્રસિદ્ધ થયેલા સમાચાર અંગે સ્પષ્ટતા કરતાં બનાસ ડેરીના ઈન્ચાર્જ એમ.ડી. કામરાજભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે કોરોના પોઝિટિવ દર્દી જે વિસ્તારમાં આવે તે વિસ્તારને જિલ્લા કલેકટર દ્વારા ગુજરાત સરકારે જાહેર કરેલી એપેડેમીક એકટ મુજબ તે વિસ્તારને કન્ટેઈન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવે છે. આવા ૨૭ ગામોમાં કોરોના પોઝિટીવ કેસ આવતાં કન્ટેઈન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરેલ છે જેને લઈને નાગરિકોની અવરજવર પર રહેણાંક અને મહેસુલી વિસ્તારમાં સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવેલ છે. કોરોના મહામારી સમયે સરકારના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું આપણા સૌની નૈતિક ફરજ છે. જેથી જે વિસ્તારમાં કોરોના પોઝિટિવ દર્દીઓ આવ્યા છે તે વિસ્તારની દૂધ મંડળીઓ દ્વારા પ્રજાહિતમાં દૂધ લેવાનું બંધ રાખ્યું છે. કન્ટેઈન્ટમેન્ટ ઝોન હોય ત્યાં પશુપાલકોમાં પણ કોરોના સંક્રમણનો ભય રહેલો છે જેથી પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને સ્થાનિક દૂધ મંડળીઓએ દૂધ લેવાનું બંધ કરેલ છે.

બનાસડેરીના નિયામક મંડળ દ્વારા આવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. બનાસ ડેરી ગમેતેવા કપરા સંજોગોમાં પણ પશુપાલકોની પડખે રહી છે અને આજની તારીખે પણ દૈનિક સરેરાશ ૫૯ લાખ લીટર દૂધ પશુપાલકો પાસેથી લઈ રહી છે અને હંમેશાં પશુપાલકોના હિતમાં નિર્ણય કરે છે. કોરોના મહામારી સમયે પશુપાલકોએ ખોટી અફવાઓ પર ધ્યાન ન આપવા જણાવાયું છે. કન્ટેઈન્ટમેન્ટ ઝોનની આજુબાજુના એરિયામાં આવતાં બફર ઝોનમાં ૨૭ જેટલી દૂધ મંડળીઓ જે બંધ હતી ત્યાં સરકારના જાહેરનામા મુજબ બફર ઝોન હટી જતાં તેને પુનઃ કાર્યરત કરીને દૂધ સ્વીકારવાનું શરૂ કરવામાં આવેલ છે તેમજ હાલના કન્ટેઈન્ટમેન્ટ એરિયામાં પણ પરિસ્થિતિ સામાન્ય થતાં પુનઃ દૂધ મંડળીઓ પશુપાલકો પાસેથી દૂધ સ્વીકારવાનું શરૂ કરી શકશે.







## કોરોના વચ્ચે લોકડાઉનમાં ભુખ્યાને ભોજન પહોંચાડતાં સેવાભાવી યુવાનોની અવિરત સેવા

વિશ્વભરમાં ફેલાયેલ કોરોના કોવિડ.૧૯ના કપરા કાળમાં સમગ્ર વિશ્વભરમાં માનવ જાત ત્રાહીમામ પોકારી ગઈ છે. દુનિયાના મોટાભાગના દેશો લોકડાઉનમાં છે ત્યારે દરરોજ કમાઈને દરરોજ પેટ ભરવાવાળો વર્ગ કફોડી હાલતમાં ન મુકાય તે માટે અનેક સેવાભાવી લોકો સંસ્થાઓ દ્વારા ખાદ્ય સામગ્રી કીટ અને ક્યાંક તૈયાર ભોજન બનાવી આપનારાઓ પણ અનેક લોકો ભુખ્યાને ભોજન આપી રહ્યા છે ત્યારે આપણા બનાસકાંઠા જિલ્લામાં પણ અનેક જગ્યાએ આવા મા અન્નપુર્ણાના આર્શિવાદથી લક્ષ્મીદેવીની કૃપા ધરાવનારાઓના સહયોગથી સેવા કાર્યો કરી રહ્યા છે ત્યારે વાત કરીએ આપણા પાલનપુર પંથકની પ્રજાને પાલનપુર-ડીસા રોડ પર ચડોતરથી થોડેક દુર આવેલ કુષ્કલ ગામના સેવાભાવી યુવાનો અખિલ ભારતીય ચૌધરી આંજણા યુવા સંગઠનના યુવા ઉત્સાહી અધ્યક્ષ હિતેશભાઈ ચૌધરી અને રેડીયન્ટ ઈવેન્ટ પાલનપુરના પ્રકાશ ચૌધરી સાથે તેમના મિત્ર વર્તુળ સાથે કુષ્કલ, ખોડલા, ચંડીસર, ચડોતરના ગ્રામ્ય વિસ્તારના યુવાનો ભેગા મળીને લોકડાઉન શરૂ થયા તા.૨૪-૦૩-૨૦૨૦ થી આજદિન સુધી એટલે કે સળંગ ૩૫ દિવસથી વધુ સમયથી દરરોજ સાંજે શુધ્ધ કવોલીટીવાળું સ્વાદિષ્ટ ભોજનમા જુદી જુદી વાનગીઓ પુરી, શાક, દાળ, ઢોકળી, પુલાવ, ખીચડી, સેવ ટમાટર, પુરી, ચોખ્ખા ઘીનો શીરો, મોહનથાળ, દહી રાયતું, સેવો દુધ પાક, લાપસી, કંસાર એમ અવનવી વાનગીઓ અંદાજે ૧૫૦૦ લોકોનું જમ વાનું તૈયાર કરી પાલનપુર જનરલ સિવિલ હોસ્પિટલ, ચડોતર, પાલનપુરના અનેક સ્લમ વિસ્તારોમાં પીકઅપ જીપડાલું ભરી સેવાભાવી યુવકો માસ્ક હાથ મોજા પહેરી જરૂરીયાતમંદોના પેટનો ખાડો પુરવા સંનિષ્ઠ સેવાનો મહાયજ્ઞ ચલાવી રહ્યા છે. પાલનપુર-ડીસા રોડ પર આવેલ ચડોતરથી આગળ સહયોગ હોટલ પાસેના ખેતરમાં દરરોજ રસોઈ બનાવી લોકોને જમાડી રહ્યા છે. અંદાજે ૭૫૦૦૦ જેટલી ડીસ બનાવીને લોકોને પહોંચાડી રૂ. ૧૪ લાખથી વધુનો ખર્ચ થયો હોવાનું હિતેષ ચૌધરીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું. આ સેવા આગામી તા.૦૩-૦૫-૨૦૨૦ લોકડાઉન ખુલે ત્યાં સુધી ચાલશે તેમ જણાવી દાતાઓનો, સેવાભાવીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.